# ૧૯. જૈન વિવાહ વિધિ

**શ્રી તીર્થંકરેભ્યો નમઃ**

jainuniversity.org

**॥ જૈન વિવાહ–સંસ્કાર ॥**

ચિ. રચના ચિ. રીતેશ

**–: લગ્ન સ્થળ :–**

सर्व ज्ञानाय भवतु

**નિમંત્રક** **ભાવનગર નિવાસી**

**દિવ્ય આશિષ**

॥ ૐ શ્રી ત્રિશલાનંદનાય નમઃ ॥

# ॥ મંગલાચરણ ॥

નમસ્કાર, સુસ્વાગતમ્. સર્વે સંસ્કૃતિની જનેતા એવી ભારતીય સંસ્કૃતિને માનવજીવનને સોળ સંસ્કાર મય ગણ્યું છે. આ વિવાહ સંસ્કાર જીવનની જુદી જુદી અવસ્થાને મંગલમય બનાવે છે. આ સંસ્કારોમાં "વિવાહસંસ્કાર"ને શ્રેષ્ઠ સ્થાને મુકીને આપણા ઋષિમુનિઓ અને સંસ્કૃતિના જ્યોતિર્ધરોએ "ધન્યો ગૃહસ્થાશ્રમ" કહી એના યશોગાન ગાયા છે. આ વિવાહસંસ્કાર દ્વારા પરમાત્માના બે ઉત્તમ સર્જન-પુરૂષ અને સ્ત્રી-ધર્મ, અર્થે કામ અને મોક્ષ રૂપી ચાર પુરૂષાર્થોની પ્રાપ્તિમાં એકબીજાનાં પૂરક, પ્રેરક અને સહાયક બની રહ છે. શ્રી જિનેશ્વર ભગવંતની અનંત કૃપાથી સૌ.કાં.ચિ. રચના અને ચિ. રીતેશની "લગ્નસંસ્કાર"ની મનભાવન અને મંગલ વેળા અવતરી છે. પ્રારંભે શ્રી અરિહંત ભગવંત, ગણધર ભગવંત અને શાસનદેવતાઓને નતમસ્તકે વંદન કરીએ છીએ. આજે વિ.સં. ૨૦૫૯ના કારતક વદી-૨ને શુક્રવારે તા.૨૨-૧૧-૨૦૦૨ના મંગલ દિવસે મૂળ------ નિવાસી, હાલ અમદાવાદ સુપુત્રી ચિ. રચના મૂળ નિવાસી, હાલ બેંગ્લોર નિવાસી સુપુત્ર ચિ. રીતેશ મંગલ પરિણયની વિધિનાં મંગલાચરણ કરીએ. આપ સૌ વડીલો અને સ્વજનોનું આ હરખ અવસરે વરકન્યાના બંને પક્ષ તરફથી અંતઃકરણ પૂર્વક સ્વાગત કરીએ છીએ. હરખાતા હૈયા ગૃહસ્થાશ્રમમાં પ્રવેશતા રચના-રીતેશકુમારના સહજીવનને આપના અંતરના આશિષથી ધન્ય બનાવવા વિનંતી કરીએ છીએ.

સર્વ જ્ઞાનાય ભવતુ

| | | |
|---|---|---|
| ॥ ૐ જય જય જય ॥ | | ॥ ૐ નમોસ્તુ નમોસ્તુ નમોસ્તુ ॥ |
| નમો અરિહંતાણં | ભાવાર્થઃ- | અરિહંત ભગવંતોને નમસ્કાર., |
| નમો સિદ્ધાણં | | સિદ્ધભગવંતોને નમસ્કાર., |
| નમો આયરિયાણં | | આચાર્ય ભગવંતોને નમસ્કાર., |
| નમો ઉવજ્ઝાયાણં | | ઉપાધ્યાય ભગવંતોને નમસ્કાર., |
| નમો લોએ સવ્વ સાહૂણં | | જગતના સર્વ સાધુજનોને નમસ્કાર., |
| એસો પંચ નમુસ્કકારો | | આ પાંચ નમસ્કાર સર્વે પ્રકારનાં પાપનો નાશ કરનાર છે. |
| સવ્વ પાવપ્પણાસણો | | સર્વે પ્રકારનાં મંગલમાં એ સર્વે પ્રથમ મંગલકારી છે. |
| મંગલાણં ચ સવ્વેસિં | | |
| પઢમં હવઈ મંગલમ્ ॥ | | |

અર્હન્તો ભગવંત ઈન્દ્ર મહિતાઃ સિદ્ધાશ્ચ સિદ્ધિસ્થિતાઃ

આચાર્યા જિનશાસનોન્નતિકરાઃ પૂજ્યા ઉપાધ્યાયકા : ।

શ્રી સિદ્ધાન્ત–સુપાઠકા મુનિવરાઃ રત્નત્રયારધકા

પંચૈત પરમેષ્ઠિનઃ પ્રતિદિનં કુર્વન્તુ વો મંગલમ્ ॥

(ભાવાર્થઃ– ઈન્દ્રસહિત દેવ, દાનવ અને માનવ વડે સન્માન પામેલ વંદનીય અરિહંત ભગવંત, સિદ્ધશીલા પર સ્થિત ભગવંત, જિન શાસનની ઉન્નતિ કરનારા શ્રી આચાર્ય દેવો, આગમોનું પઠનપાઠન કરાવનાર પૂજ્ય ઉપાધ્યાયજીઓ તથા રત્નત્રયીનું આરાધન કરવામાં તત્પર એવા પ્રવર મૂનિવરો, આ પાંચ પરમ ઈષ્ટ દેવ અમારૂં સતત કલ્યાણ કરો.)

jainuniversity.org

ૐ હ્રીઁ અર્હં શ્રી ગૌતમ સ્વામીને નમઃ ।

ૐ હ્રીઁ અર્હં શ્રી ગૌતમ સ્વામીને નમઃ ।

ૐ હ્રીઁ અર્હં શ્રી ગૌતમ સ્વામીને નમઃ ।

હવે વર કન્યા મંગલદીપ પ્રકટાવશે, પ્રભુને એ જ પ્રાર્થના કે દીવડાનો પ્રકાશ જીવનને અજવાળો. હવે જીવનરક્ષાનું અભેદ્ય કવચ રચનારા “આત્મરક્ષામંત્ર” નું ભક્તિભાવપૂર્વક પઠન થશે.

હ ૐ હ

## ॥ આત્મરક્ષામંત્ર ॥

ૐ પરમેષ્ઠિન કારં, સારં નવપદાત્મકમ્ ।

આત્મરક્ષાકરં વજ્ પંજરાભં સ્મરામ્યહમ્ ॥ ૧ ॥

ૐ નમો અરિહંતાણં શિરસ્કં શિરસિ સ્થિતમ્ ।

ૐ નમો સવ્વ સિદ્ધાણં, મુખે મુખપટાંબરમ્ ॥ ૨ ॥

ૐ નમો આયારિયાણં, અંગરક્ષાતિશાયિની ।

ૐ નમો ઉવજઝાયાણં, આયુધં હસ્તયોર્દ્રઢમ્ ॥ ૩ ॥

ૐ નમો લોએ સવ્વ સાહૂણં, મોચકે પાદ્યોઃ શુભે ।

એસો પંચ નમુકકારો, શિલાવજ્મયી તલે ॥ ૪ ॥

સવ્વપાવપ્પણાસણો, વપ્રો વજ્મયો બહિ : ।

મંગલાણં ચ સવ્વેસિં, ખાદિરાંગારખાતિકા : ॥ ૫ ॥

સ્વાહાંતં ચ પદં જ્ઞેયં, પઠમં હવઈ મંગલં ।

વપ્રોપરિ વજ્મ્યં, પિધાનં દેહરક્ષણે ॥ ૬ ॥

મહાપ્રભાવા રક્ષેયં, ક્ષુદ્રોપદ્રવનાશિની ।

પરમેષ્ઠિપદોદ્ભૂતા, કથિતા પૂર્વસૂરિભિ : ॥ ૭ ॥

યશ્ચેતં કુરુતે રક્ષાં, પરમેષ્ઠિ પદૈ : સદા ।

તસ્ય ન સ્યાદ્ ભયં, વ્યાધિ–રાધિશ્ચાડપિ કદાચન્ ॥ ૮ ॥

(ભાવાર્થ :– નવપદના સારસ્વરૂપ પંચ પરમેષ્ઠિને ૐ પૂર્વક નમસ્કાર કરીને, આત્મરક્ષા કરનાર વજ્પંજર સ્તોત્રનું હું સ્મરણ કરૂં છું.

મસ્તક ઉપર રહેલા અરિહંત ભગવંતને ૐ પૂર્વક નમસ્કાર, મુખ ઉપર રહેલા આવરણરૂપ વસ્ત્ર સમાન સર્વ સિદ્ધ ભગવંતોને નમસ્કાર.

અંગોની રક્ષા કરનાર આચાર્ય ભગવંતોને નમસ્કાર. બે હાથના દઢ આયુધ સમાન ઉપાધ્યાય ભગવાનને નમસ્કાર. બે પગના શુભ રક્ષક એવા સર્વ સાધુ ભગવંતોને નમસ્કાર. આ પાંચને કરેલ નમસ્કાર ધરાતાલ ઉપર વજ્મય શીલા સમાન છે.

શરીર બહારથી વજ્ સમાન બનાવે છે. સર્વ પાપનો નાશ કરનાર છે. સર્વનું મંગલ કરનાર છે. "સ્વાહા" અંતવાળા મંત્રને જાણવો જોઈએ, જે પ્રથમ મંગલકારી છે. શરીર ઉપર વજ્મય રક્ષણ કરનાર આ મત્ર છે.

પરમેષ્ઠિનાં પાંચ પદોમાંથી ઉદ્ભવેલી અને પૂર્વસૂરિઓએ કહેલી આ મહાપ્રભાવશાળી "રક્ષા" ક્ષુદ્ર, ઉપદ્રવ વગેરેનો નાશ કરનારી છે.

પરમેષ્ઠિનાં પદો વડે જે આ "રક્ષા"નો પાઠ કરે છે. તેને કદી પણ ભય, વ્યાધિ, આધિ વગેરે પીડા કરતા નથી.

હવે ચિ. રચનાના માતૃશ્રી અને ચિ. રીતેશકુમારના માતૃશ્રી વરકન્યાને મંગલતિલક કરશે. કન્યાની બહેન વરકન્યાને હાથે મીંઢળ બાંધશે. વરની બહેન, ચારેય માતા–પિતાને જમણે કાંડે પવિત્ર રક્ષાપોટલી બાંધશે. આ વિધિવેળાએ મંગલતિલકનાં શ્લોક ગવાશે.

## ॥ મંગલતિલક ॥

મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમ પ્રભુ : ।

મંગલં સ્થૂલિભદ્રાદ્યા, જૈનો ધર્મસ્તુ મંગલમ્ ॥

નાભે આધા જિના : સર્વે : ભરતાધાશ્ચ ચક્રિણ :।

કુર્વન્તુ મંગં સર્વે, વિષ્ણવઃ પ્રતિવિષ્ણવ : ॥

મુરુદેવી ત્રિશલાદ્યા વિખ્યાતા જિનમાતરમ્ ।

ત્રિજગત્ જિનતા નંદા, મંગલાય ભવંતુ મે ॥

ચક્રેશ્વરી સિદ્ધાયિકા, મુખ્યાઃ શાસનદેવતા ।

સમ્યગ્દર્શા વિઘ્નહરાઃ રચયંતુ જય શ્રી યમ્ ॥

(ભાવાર્થ :– ભગવાન મહાવીર સ્વામી મંગળરૂપે હો, શ્રી ગૌતમ સ્વામી મંગળરૂપ હો, સ્થૂલિભદ્રાદિ મુનિઓ મંગળ રૂપ હો જૈન ધર્મ મંગલરૂપ હો.

ઋષભદેવ વગેરે સર્વે તીર્થંકર ભગવંતો તથા ભરત મહારાજા વગેરે ચક્રવર્તીઓ, વાસુદેવો અને પ્રતિવાસુદેવ સર્વે મંગલરૂપ હો.

ત્રણે જગતને આનંદ અર્પનાર તીર્થંકર પ્રભુની માતાઓ શ્રી મરૂદેવીથી આરંભીને ત્રિશલામાતા સુધીની માતાઓ મારૂં કલ્યાણ કરો.

ચક્રેશ્વરી દેવી અને સિદ્ધાયિકા દેવી વગેરે શાસન અધિષ્ઠાયક મુખ્ય મુખ્ય સમ્યક્ દૃષ્ટિ દેવ–દેવીઓ મારાં વિઘ્નો દૂર કરો અને જય લક્ષ્મી આપો.

તુભ્યં નમસ્ત્રિભુવનાર્તિહરાય નાથ ।

તુભ્યં નમઃ ક્ષિતિતલામલભૂષણાય ।

તુભ્યં નમસ્ત્રિજગતઃ પરમેશ્વરાય ,

તુભ્યં નમો જિન । ભવોદધિશોષ્ણાય ॥

(અર્થ :– હે નાથ । ત્રણે જગતના જીવોની પીડાને હરનાર એવા તમને નમસ્કાર હો, પૃથ્વીતલના નિર્મલ આભૂષણ એવા તમને નમસ્કાર હો. ત્રણ જગતના પરમેશ્વર એવા તમને નમસ્કાર હો. હે જિનેશ્વર । સંસારરૂપી સમુદ્રનું શોષણ કરનાર એવા તમને નમસ્કાર હો.)

## ॥ મંગલિક ॥

ચત્તારી મંગલમ્, અરિહંતા મંગલમ્, સિદ્ધા મંગલમ્, સાહૂ મંગરલમ્, કેવલી પણત્તો ધમ્મો મંગલમ્ ।

ચત્તારી લોગુત્તમા, અરિહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા, સાહૂ લોગુત્તમા, કેવલી પણત્તો ધમ્મો લોગુત્તમા

।

ચત્તારી સરણં પવ્વજ્જામિ, અરિહંતે સરણં પવ્વજ્જામિ, સિદ્ધે સરણં પવ્વજ્જામિ, સાહૂ સરણં પવ્વજ્જામિ

।

કેવલી પણ્ણત્તં ધમ્મં શરણં પવજ્જામિ ।

અર્થ :– ચાર તત્વો મંગલ સ્વરૂપ છે, અર્હન્ત પ્રભુ મંગલ સ્વરૂપ છે. સિદ્ધ ભગવંતો મંગલ સ્વરૂપ છે. સાધુજેનો મંગલ સ્વરૂપ છે. કેવલી પ્રભુ દ્વારા પ્રજ્ઞપ્ત ધર્મ મંગલ સ્વરૂપ છે. જગતમાં ચાર તત્ત્વ સર્વ શ્રેષ્ઠ છે. અરિહંત સર્વ શ્રેષ્ઠ છે. સિદ્ધભગવંતો સર્વ શ્રેષ્ઠ છે. સાધુજનો સર્વ શ્રેષ્ઠ છે. કેવલી પ્રભુ દ્વારા પ્રજ્ઞપ્ત ધર્મ સર્વ શ્રેષ્ઠ છે. હું ચાર (શ્રેષ્ઠ) તત્ત્વોને શરણે જાઉં છું. અરિહંતોને શરણે જાઉં છું. સિદ્ધ ભગવંતોને શરણે જાઉં છું. કેવલી પ્રભુએ પ્રચારિત ધર્મને શરણે જાઉ છું.

આપણે સૌએ કલ્યાણકારી માંગલિક સાંભળ્યું. હવે, વરકન્યા તેમજ બંનેના માતા–પિતાને પણ વિનંતી કે તેઓ જીનેશ્વર પ્રભુનાં ચરણકમલ પર અક્ષત અંજલિ અર્પે.

હવે અર્હત પૂજા અટલે સર્વકાલ વંદનીય ચોવીસ તીર્થંકર ભગવંતોની પૂજા શરૂ થાય છે. પ્રત્યેક તીર્થંકર પ્રભુનું નામ બોલાય ત્યારે વરકન્યાને વિનંતી કે તેઓ ભગવંતની પૂજા વાસક્ષેપથી ભાવપૂર્વક કરે. કન્યાની બહેન છેલ્લા શ્લોક વખતે વરકન્યા, પૂજનસામગ્રી, ભૂમિ વગેરે પર પવિત્ર જળનો છંટકાવ કરી અક્ષત અંજલિ અર્પશે.

## ॥ અર્હત પૂજા ॥

सर्व ज्ञानाय भवतु

## ૐ નમો અર્હતે સ્વાહા

ૐ નમો ઋષભઃ નઃ સ્વસ્તિ, સ્વસ્તિ શ્રી અજિત : ।

શ્રી સંભવઃ સ્વસ્તિ, સ્વસ્તિ શ્રી અભિનંદન : ।

શ્રી સુમતિઃ સ્વસ્તિ, સ્વસ્તિ શ્રી પદ્મપ્રભ : ।

શ્રી સુપાર્શ્વઃ સ્વસ્તિ, સ્વસ્તિ શ્રી ચન્દ્રપ્રભ : ।

શ્રી સુવિધિઃ સ્વસ્તિ, સ્વસ્તિ શ્રી શીતલ : ।

શ્રી શ્રેયાંસઃ સ્વસ્તિ, સ્વસ્તિ શ્રી વાસુપૂજ્ય : ॥

શ્રી વિમલઃ સ્વસ્તિ, સ્વસ્તિ શ્રી અનંત : ।

શ્રી ધર્મ : સ્વસ્તિ, સ્વસ્તિ શ્રી શાંતિનાથ : ॥

શ્રી કુંથુ : સ્વસ્તિ, સ્વસ્તિ શ્રી અરનાથ : ।

શ્રી મલ્લિઃ સ્વસ્તિ, સ્વસ્તિ શ્રી મુનિસુવ્રત : ॥

શ્રી નમિઃ સ્વસ્તિ, સ્વસ્તિ શ્રી નેમિનાથ : ।

શ્રી પાર્શ્વઃ સ્વસ્તિ, સ્વસ્તિ શ્રી વર્ધમાન : ॥

ૐ હ્રીઁ શ્રી સીમંધરાદિ વિહરમાન વિશંતિ તીર્થંકરભ્યો નમઃ ॥

ૐ નમો અર્હતે સ્વાહા

ૐ હ્રાઁ હ્રીઁ હ્રું હ્રૌ હ્ર : ॥

ૐ નમો અર્હત ભગવતે શ્રીમતે પવિત્ર જલેન સર્વ શુદ્ધિં કરોમિ સ્વાહા ॥

(ભાવાર્થઃ– શ્રી ઋષભનાથ અમારે માટે મંગલસ્વરૂપ હો, શ્રી અજીતનાથ અમારે માટે કલ્યાણકારક હો, શ્રી સંભવનાથ અમારે માટે મંગલસ્વરૂપ હો, શ્રી અભિનંદન સ્વામી અમારે માટે મંગલસ્વરૂપ હો, શ્રી સુમતિ જિનજિન આપણા માટે મંગળસ્વરૂપ હો, શ્રી પદ્મપ્રભ પ્રભુ આપણા માટે કલ્યાણકારી હો, શ્રી સુપાર્શ્વપ્રભુ આપણા માટે કલ્યાણકારી હો, શ્રી ચન્દ્રપ્રભ સ્વામી આપણા માટે કલ્યાણકારી હો. શ્રી સુવિધિ પ્રભુ અમારે માટે મંગળસ્વરૂપ હો, શ્રી શીતલનાથ અમારે માટે મંગળસ્વરૂપ હો, શ્રી શ્રેયાંસ જિન અમારે માટે કલ્યાણકારી હો, શ્રી વાસુપૂજ્ય અમારે માટે મંગળસ્વરૂપ હો, શ્રી વિમલનાથ અમારે માટે મંગળસ્વરૂપ હો, શ્રી અનંતનાથ અમારે માટે મંગળસ્વરૂપ હો, શ્રી ધર્મ જિન અમારે માટે મંગળસ્વરૂપ હો, શ્રી શાંતિનાથ અમારે માટે મંગળસ્વરૂપ હો, શ્રી કુંથુનાથ અમારે માટે કલ્યાણકારી હો, શ્રી અરનાથ કલ્યાણકારી હો, શ્રી મલ્લિનાથ કલ્યાણકારી હો, શ્રી મુનિસુવ્રત કલ્યાણકારી હો. શ્રી નમિનાથ અમારે માટે મંગળસ્વરૂપ હો, શ્રી નેમિનાથ મંગળસ્વરૂપ હો, શ્રી પાર્શ્વનાથ મંગલસ્વરૂપ હો, શ્રી વર્ધમાનપ્રભુ મંગલસ્વરૂપ હો.)

હવે, જ્ઞાનપૂજા આરંભાય છે. વરકન્યા પવિત્ર વાસક્ષેપથી જ્ઞાનપૂજા કરશે. પૂજા વખતે વરકન્યાના માતા–પિતા હાથ જોડી, શ્રદ્ધાપૂર્વક આ મંત્ર પાંચવાર બોલશે. જ્યારે શાંતિમંત્રનો પાઠ થતો હોય ત્યારે દરેક વાક્યને અંતે અક્ષતથી પૂજા કરશે.

શાસ્ત્રપૂજા પછી ભાવપૂર્વક હાથ જોડી “શાંતિમંત્ર” ત્રણ વાર બોલવા માટે વરકન્યાના માતા–પિતાને વિનંતી.

## ॥ શાસ્ત્ર પૂજા ॥

ૐ હ્રીઁ નમો નાણસ્સ, ૐ નમો નાણસ્સ, ૐ હ્રીઁ નમો નાણસ્સ,

ૐ હ્રીઁ નમો નાણસ્સ, ૐ હ્રીઁ નમો નાણસ્સ.

(ભાવાર્થઃ– ૐ હ્રીઁ જ્ઞાન (દેવતા)ને નમસ્કાર)

## ॥ શાંતિ મંત્ર ॥

ૐ હ્રીઁ અર્હં  અ સિ આ ઉ સા નમઃ સર્વ શાંતિ કુરુ કુરુ સ્વાહા ॥

ૐ હ્રીઁ અર્હં  અ સિ આ ઉ સા નમઃ સર્વ શાંતિ કુરુ કુરુ સ્વાહા ॥

ૐ હ્રીઁ અર્હં  અ સિ આ ઉ સા નમઃ સર્વ શાંતિ કુરુ કુરુ સ્વાહા ॥

અને હવે, આ લગ્નસંસ્કારની સૌથી મહત્વની વિધિ–છેડા બંધનની વિધિ શરૂ થાય છે. નીલાબેનને વિનંતી કે રીતેશકુમારના ખેસના છેડે જે સોપારી અને રૂપનાણું બાંધેલ છે એ છેડાને રચનાના ઘરચોળાના છેડા સાથે ઉલ્લાસપૂર્વક બાંધે. વરની બહેન મોહાલી / એકતા વરકન્યાને વરમાળા પહેરાવશે. આ દરમ્યાન છેડાબંધનનો પવિત્ર શ્લોક ગવાશે.

## ॥ છેડા બંધન ॥

અસ્મિન્ જન્મન્યેષ બંધોર્દ્વયો વે
કામે ધર્મે વા ગૃહસ્થત્વભાજિ ।
યોગો જાતઃ પંચ દેવાગ્નિસાક્ષી
જાયા પત્યોરચંલગ્નગ્રંથિબંધનાત્ ॥

jainuniversity.org
સર્વ જ્ઞાનાય ભવતુ

(ભાવાર્થઃ– તમારા બંનેનું આ છેડા બંધનથી આ જન્મમાં કામ અને ધર્મમાં ભાગીદારરૂપ છે. પત્ની અને પતિના છેડાની ગાંઠના બંધનથી પાંચ દેવ અને અગ્નિની સાક્ષીએ આ યોગ થયો છે.)

હવે લગ્ન સંસ્કારના હાર્દસમી “હસ્તમેળાપ”ની વિધિ શરૂ થાય છે. ચિ. રચનાના પિતાશ્રીભાઈને વિનંતી કે વર અને કન્યાના જમણા હાથમાં કંકુનો મંગળ સાથિયો કરી વરના જમણા હાથ ઉપર કન્યાનો જમણો હાથ આનંદપૂર્વક મૂકી આ શુભ મુર્હતે, જિનેશ્વર ભગવાનની સાક્ષીએ, હસ્તમેળાપ કરાવે. આ વિધિ દરમ્યાન રચના, રીતેશકુમાર દીર્ઘશ્વાસ લઈ, કુંભક ધ્યાન ધરી, ચિત્તને એકાગ્ર કરી, નવકાર મંત્ર મનમાં ત્રણ વાર બોલશે. શ્લોકના છેલ્લા ચરણ પછી “ૐ અર્હમ્”ના ગાન વખતે કન્યાનાં માતા–પિતા, કન્યાના મળેલા હાથ ઉપર સહેજ જળધારા વહાવી, પોતાની સંમતિ અને આનંદ વ્યક્ત કરશે. વિધિ દરમ્યાન હસ્તમેળાપનો શ્લોક ગવાશે.

## ॥ હસ્તમેળાપ ॥

હારિદ્ર પંકમવલિપ્ય સુવાસિનીભિ : । દતં દ્વયો ર્જનકયોઃ ખુલ તો ગૃહીત્વા ॥

દક્ષિણ કરં નિજસુતાં ભવમગ્રપાણિમ્ । લિમ્પેદ્ વરસ્ય ચ કરદ્વય યોજનાર્થમ ॥

(ભાવાર્થઃ– સૌભાગ્યવંતી નારીઓએ જેને પીઠી ચોળી છે એવી પોતાની પુત્રીના જમણા હાથને વરના કંકુરંગ્યા હાથમાં કન્યાના પિતા મૂકે છે.)

અને હવે જિનેશ્વર ભગવંતની સાક્ષીએ એક બીજાના બનેલ રચના – રીતેશકુમારના ગૃહસ્થ જીવનમાં માંગલ્ય રહે, એમનો પ્રેમ અમર રહે અને જીવનના પ્રત્યેક પળે સુખ, શાંતિ અને સમૃદ્ધિ પ્રાપ્ત થાય – એ ભાવનાથી મંગલાષ્ટક ગવાશે.

jainuniversity.org

## ॥ મંગલાષ્ટક ॥

વંદી ભાવથી સર્વ દેવગણને, શ્રદ્ધા થકી પૂજીએ.
દઈને મંત્ર મહા જગે હૃદયથી, તાર્યા સહુ જીવનને.
જેણે નિત્ય વહાવી હર્ષથી અહીં, ગંગા બધે પ્રેમની
એવા વીર મહાપ્રભુ યુગલનું, કુર્યાત્ સદા મંગલમ્. ॥ ૧ ॥
શાંતિલાલદાદાના હૃદયમાં તુજ છબી, નિત્ય રહે લાડલી,
વહેતા આશિષ મંજુલ હૃદયથી, જે દેવલોકથી આ.
રૂડેરાં ચંપક રમણિક તણી, છાયા મળો શાંતિ દા.
નાના–નાની પ્રભુ શાંતા તણું, કુર્યાત સદા મંગલમ્ ॥ ૨ ॥
લે માતૃરૂપ વિભુએ ધરણી પે, પાયાં પ્રીતિ–અમૃતો
શીલાબેન કાજ રચના દીકરી સદા, મીઠી બની ગૈ સખી.
હૈયાહેતથી પાળી–પોષી રચનાને, સંસ્કારમૂડી દીધી.
રૂડા તાત વિનોદ હૃદય ભાવનું, કુર્યાત સદા મંગલમ્ ॥ ૩ ॥
માલતી કાકી તણી પ્રિતિ મળી સદા, કાકાએ નવીનની
મામા–મામી બિન્દુ અને તરૂણના દિલે વસે સદા.
પ્રફુલાવિજયે, ભાવના–શૈલેષ સહ આ સઘળા ફઈ–ફુવા આવિયાં.
કિંજલ–ઈશા–ખુશ્બુ–નેહા જન સૌ કુર્યાત સદા મંગલમ્ ॥ ૪ ॥
સાથી શિશુવયે બની રમતમાં, આનદ દીધો સદા.
નિશા, મેહા, ઋચી અને હેતલની બહેની પિયુને ગૃહે.

સર્વ શ્રેયાય ભવતુ

તારે પંથ સદાય સુખ સઘળા, એવી શુભેચ્છા વહે.

સેતુ સંગ કહે અહીં કુશલ ચે, કુર્યાત સદા મંગલમ્ ॥ ૫ ॥

કાકા–કાકી ચ પ્રફુલા–પંકજ તથા પૂર્વી–રોજત અહીં

આવ્યા આજ નમન, હિરલ હરખે પાર્થ ખુશી,

જો કિંજલ, કોમલ ગીત ખુશીના ગાયે રૂપેશ ચીરાગ ન્યે,

શુભેચ્છા–શિલા–વિનોદ દિલની કુર્યાત સદા મંગલમ્ ॥ ૬ ॥

અનિલા–દિલિપ સ્નેહ મળજો, મામા–મામી તણો.

રૂડાં રીટા–શૈલેષને નરેન્દ્રની સંગે જયશ્રી તણો.

ગુણીયલ જાગૃતિય દિનેશ આ હિરેનને મેહા સુશાંતિ તણો.

હૈયા હેત રચના–રીતેશ તણો, કુર્યાત સદા મંગલમ્ ॥ ૭ ॥

હવે નવકાર તથા "ૐ અર્હમ્" મંત્રનું રટણ થશે.

## ॥ નવકાર મંત્ર ॥

નમો અરિહંતાણં

નમો સિદ્ધાણં

નમો આયરિયાણં

નમો ઉવજઝાયાણં

નમો લોએ સવ્વ સાહૂણં

એસો પંચ નમુક્કારો

સવ્વ પાવપ્પણાસણો

મંગલાણં ચ સવ્વેસિમ્

પઢસં હવઈ મંગલમ્ ॥

jainuniversity.org
सर्व ज्ञानाय भवतु

ૐ અર્હમ્ । આત્માડસિ, જીવોડસિ, સમકાલોડસિ,

સમચિત્તોડસિ, સમકર્મોડસિ, સમેશ્રેયોડસિ, સમદેહોડસિ,

સમમોક્ષોડસિ, તદેહિ એકત્વં ઇદાનીયમ્ ।

ૐ અર્હમ્ । ૐ શાન્તિ : શાન્તિ : શાન્તિ : ॥

ૐ ક્ષ્વીં ક્ષ્વીં હં સ : સ્વાહા ।

હવે, વરકન્યાને વિનંતી કે તેઓ જિનેશ્વર ચરણે અક્ષત અંજલી ભાવપૂર્વક અર્પણ કરે.

jainuniversity.org

## ॥ સપ્તપદી ॥

અમે શ્રી જિનેશ્વર ભગવાન, શ્રી ગણધર ભગવંત, શ્રી સિદ્ધચક્ર, શ્રી શ્રુતશાત્ર, અને અગ્નિ દીપજ્યોતિની સાક્ષીએ પ્રતિજ્ઞા લઈએ છીએ કે,

૧) એક બીજાની લાગણીને અંતરના ઉમળકાથી માન આપી, સમ્માન સહિત ગૃહસ્થ ધર્મ પાળીશું.

૨) અમે સદા એક–બીજાના પૂરક અને સહાયક બનીને રહીશું.

૩) સુખમાં કે દુ:ખમાં એક બીજાના પ્રત્યે ઉચિત વ્યવહાર જ કરીશું અને સદા એક બીજાનો સાથ નિભાવીશું.

૪) એક બીજાને મન, વચન અને કાયાથી સંપૂર્ણપણે વફાદાર રહીશું.

૫) જીવન વ્યવહારમાં સમાન સ્થાન અને અધિકાર ધરાવીશું તથા પ્રેમભાવ અને પરસ્પર સહકારથી અમારા ગૃહસ્થ જીવનમાં કર્તવ્યોનું નિષ્ઠાપૂર્વક પાલનકરીશું.

सर्व ज्ञानाय भवतु

૬) એક બીજાના પરિવાર સાથે એકરૂપ થઈને રહીશું.

૭) ધર્મ, અર્થ અને કામ – એ ગૃહસ્થજીવનના ત્રણેય પુરૂષાર્થો વિશુદ્ધ ભાવે પાલન કરીને મોક્ષ માટે મારા ગૃહસ્થાશ્રમને દીપાવીશું.

આ સાત પ્રતિજ્ઞા લીધા પછી કન્યા પોતાનું સ્થાન બદલી વરની ડાબી બાજુ બેસશે. ચિ. રચના હવે કન્યા મટી “હકાણી પરિવાર”ની કુળવધૂ બની છે. શંખ ધ્વની, ઘંટનાદ અને સંગીતથી મંગલ બનતા વાતાવરણમાં હવે આપણે સૌ રીતેશકુમારની બેલડીને કેસરીયા અક્ષતથી વધાવીએ.

હવે સાંભળો રચના અને રીતેશકુમાર આજથી જીવનનાં પ્રત્યેક પગલે એકબીજાના સાથી બનો, “મન, વાચા, કર્મ ક્રિયા, પ્રેમ આનંદ અને દીર્ઘાયુષ્યની બાબતમાં એક બીજાના સહભાગી બની, સાચા અર્થમાં જીવનમાં સર્વ સુખ પામીએ.” – એ ભાવના હ્રદયમાં ધારી એકબીજાનો હાથ ઝાલી શાસનદેવતાની સાક્ષીએ દીપક ફરતા છ મંગલફેરા ફરી તમે સાચા જીવનસાથી બનો.

દરેક ફેરે ફેરા ફરતી વખતે કન્યા આગળ અને વર પાછળ રહેશે. આ વિધિ દરમ્યાન એક શ્લોક ગવાશે.

અને ફેરાને અંતે જ્યારે "સ્વાહા" બોલાય ત્યારે વરકન્યાને ૐ અર્હમ્ બોલી પ્રભુ ચરણે અક્ષત અંજલી અર્પશે.

## ॥ મંગલ ફેરા ॥

સજ્જાતિ સદ્ગૃહસ્થત્વં, પરિવ્રાજ્યં સુરેન્દ્રતા ।
સામ્રાજ્યં પરમાર્હન્ત્યં નિવાર્ણયેતિ સપ્તકમ્ ॥
ૐ હ્રીં શ્રી સજ્જાતિ પરમસ્થાનાય નમઃ સ્વાહા ।
ૐ હ્રીં શ્રી સદ્ગૃહસ્થ પરમસ્થાનાય નમઃ સ્વાહા ।
ૐ હ્રીં શ્રી પારિવ્રાજ્ય પરમસ્થાનાય નમઃ સ્વાહા ।
ૐ હ્રીં શ્રી સુરેન્દ્રતા પરમસ્થાનાયા નમઃ સ્વાહા ।
ૐ હ્રીં શ્રી સામ્રાજ્ય પરમસ્થાનાય નમઃ સ્વાહા ।
ૐ હ્રીં શ્રી પરમાર્હન્ત્યં પરમસ્થાનાય નમઃ સ્વાહા ।

અને હવે વર આગળ અને કન્યા પાછળ હોય એમ સાતમો ફેરો ફરશે. આ વખતે ગવાતા શ્લોકોના છેલ્લા ચરણમાં "નમઃ સ્વાહા" આવતાં, વરકન્યાનાં માતા–પિતા અક્ષત અંજલી અર્પણ કરશે. આ વિધિ કરતાં વરકન્યાનાં માતા–પિતા, છેલ્લે ૐ પુણ્યાહમ્, પુણ્યાહમ્, પ્રિયન્તામ્, પ્રયન્તામ્, એ મંત્ર અમારી સાથે ત્રણ વાર બોલશે.
હવે વરકન્યાના માતા–પિતા બોલે–

ૐ પુણ્યાહમ્, પુણ્યાહમ્, પ્રિયન્તામ્, પ્રયન્તામ્ ॥
ૐ પુણ્યાહમ્, પુણ્યાહમ્, પ્રિયન્તામ્, પ્રયન્તામ્ ॥
ૐ પુણ્યાહમ્, પુણ્યાહમ્, પ્રિયન્તામ્, પ્રયન્તામ્ ॥

(ભાવાર્થઃ– સદજાતિ, સદ્ગૃહસ્થત્વ, પારિવ્રાજક–ભાવ, ઐશ્વર્ય, સામ્રાજ્ય, પરમ અરિહં તત્ત્વ અને નિર્વાણ આ સાતનું જૂથ કલ્યાણકારી છે. સ્વર્ગ મોક્ષ અને સુખના ખજાના સમાન, જિન પ્રભુએ કહેલ આ ઉત્તમ "સપ્ત પદ" કે જે પરમ નિર્વાણ સ્થાન સમાન છે, તેની પૂજા કરવી જોઈએ.)

હવે રીતેશકુમાર ખુબ આનંદ સાથે રચનાને સૌભાગ્યનાં પ્રતિક સમું મંગલસૂત્ર પહેરાવશે અને સેંથામાં સિંદૂર પૂરશે. આ સમયે મંગલ કામનાઓ વ્યક્ત કરતો સિંદૂરપૂર્તિનો શ્લોક ગવાશે તથા વિધિકાર આશીર્વચન બોલશે.

## ॥ સિંદૂર પૂર્તિ ॥

**હ્રીં સિંદૂરે સર્વસૌભાગ્યં સિંદૂરે સુખસંપદાઃ ।**
**દમામિ તંવ સીમંતે સિંદૂરં સુખવર્ધનમ્ ॥**

(ભાવાર્થઃ– સિંદૂરમાં સર્વ સૌભાગ્ય રહેલાં છે. સિંદૂરમાં જ સુખશાંતિ છે. હું તને સુખની વૃદ્ધિ કરનારું સિંદૂર આપું છું.)

આ સમયે, જીવનસાથી રચના–રીતેશકુમાર માટે મંગલકામનાઓ વ્યક્ત કરતા આશીર્વચન વિધિકાર બોલશે.

## ॥ અખંડ સૌભાગ્યવચન અને આશીર્વચન ॥

આ સમયે બંને પક્ષની સૌભાગ્યવતી સ્ત્રીઓ કન્યાના જમણા કાનમાં "ઈન્દ્ર–ઈન્દ્રાણીનું સૌભાગ્ય", "શિવ–પાર્વતીનું સૌભાગ્ય", "બ્રહ્મા–સાવિત્રીનું સૌભાગ્ય", "કૃષ્ણ–રુક્ષ્મણિનું સૌભાગ્ય" એવા સૌભાગ્ય વચન બોલશે.

હવે, જીવનસાથી રચના–રીતેશકુમાર માટે મંગલ કામનાઓ વ્યક્ત કરતાં આશીર્વચન બોલશે.

**ૐ સુપ્રતિગૃહિતાઽસ્તુ, શાન્તિરસ્તુ, તુષ્ટિરસ્તુ, પુષ્ટિરસ્તુ, ઋદ્ધિરસ્તુ, બુદ્ધિરસ્તુ, શિવમસ્તુ, કલ્યાણમસ્તુ, કર્મસિદ્ધરસ્તુ, દીર્ઘાયુરસ્તુ, પુણ્યં વર્ધતામ્, ધર્મો વર્ધાતામ્, કુલગોત્રવર્ધતામ્, સ્વસ્તિ ભદ્રં અસ્તુ ।**
**ૐ શાન્તિ : શાન્તિ : શાન્તિ : ।**
**ૐ ક્ષ્વીં ક્ષ્વીં હં સ : સ્વાહા ।**

(ભાવાર્થઃ– ૐ તમારા બંનેનો સારી રીતે સ્વીકાર થાઓ, શાંતિ થાઓ, સંતોષ થાઓ, પોષણ થાઓ, વૃદ્ધિ થાઓ, ઋદ્ધિ થાઓ, શુભ થાઓ, કલ્યાણ થાઓ, કર્મમાં સફળતા મળો, દીર્ઘાયુ બનો, પુણ્યબલની વૃદ્ધિ થાઓ, ધર્મની વૃદ્ધિ થાઓ, કુળ તથા ગોત્રની વૃદ્ધિ થાઓ, તમારૂં શુભ કલ્યાણ થાઓ.

## ॥ ધ્રુવદર્શન ॥

હવે વરકન્યાને ધ્રુવના તારાનું દર્શન કરાવશે. આ ધ્રુવદર્શન અચલતા અને તેજસ્વિતાનું પ્રતિક છે. વર આ તારાનું દર્શન કરાવતી વખતે કન્યાને જાણે કહી રહ્યા છે કે, ધ્રુવ જેવી સ્થિરતા હોય તો પ્રેમ અખંડિત રહે છે.

jainuniversity.org
સર્વ જ્ઞાનાય ભવતુ

ૐ ધ્રુવં અસિ ધ્રુવં ત્વાં પશ્ચામિ ધ્રુવં એધિ પોષ્યે મયિ ।

મહ્યં ત્વાં અદાત્ બૃહસ્પતિઃ મયા પત્યા પ્રજાવતી સંજીવ શરદઃ શત્મ ॥

(ભાવાર્થઃ– તું ધ્રુવની જેમ સ્થિર બન. હું તને સ્થિર મનવાળી જોઈ રહ્યો છું. તું મારામાં સ્થિર બની ભરણપોષણ પામવાવાળી બન. પરમાત્માએ આપણને સ્થિર બનાવ્યાં છે. બૃહસ્પતિએ તને, મને સોંપી છે. મારાથી પ્રજાવંતી બનીને તું શતાયુ બન. આપણો પ્રેમ અખંડ રહો.)

સ્નેહી સ્વજનો, અહીં લગ્નવિધિ સંપન્ન થાય છે. આપના ઉલ્લાસભર સહભાગે આ વિધિને વધુ મંગલમય બનાવી છે. આ અવસરે “હકાણી પરિવાર” અને “શાહ પરિવાર” વતીથી આપ સૌનો આભાર માનીએ છીએ. આપણે પ્રભુને પ્રાર્થીએ કે એની કૃપા રચના–રીતેશકુમારને જીવનનું પ્રત્યેક સુખ અર્પે અને બંને એકબીજાના આત્માના સાચા સાથી બની રહે.

આ વિધિ અમે શક્ય ચોકસાઈ તથા ભાવપૂર્વક કરી છે. છતાંય કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો પ્રભુ પાસે નતમસ્તકે ક્ષમા પ્રાર્થીએ છીએ.

ઈચ્છામિ ખમાસણો ! વંદિ ઉ, જાવણિજ્જાએ ।<br>
નિસીહિઆએ, મત્થએણ વંદામિ ॥<br>
ૐ આજ્ઞાહિનં, ક્રિયાહીનં, મંત્રહીનં ચ યત્કૃતમ્ ॥<br>
તત્વ સર્વ કૃપયા દેવાઃ ક્ષમન્તુ પરમેશ્વરાઃ ॥<br>
ૐ આહ્વાનં નૈવ જાનામિ, ન જાનામિ વિસર્જનમ્ ॥<br>
પૂજાવિધિં ન જાનામિ, પ્રસીદ પરમેશ્વર ॥

(ભાવાર્થઃ– હે ગુરૂદેવ હું મારી સમગ્ર શક્તિસહિત અને પાપરહિત શરીર વડે આપને નતમસ્તકે વાંદવાને ઈચ્છું છું. ૐ હે પરમ ઐશ્વર્યશાલી દેવો, મેં જે આજ્ઞાહીન, ક્રિયાહીન, કે મંત્રરહિત કર્મ કર્યુ હોય તે સર્વને કૃપા કરીને ક્ષમા કરો. હે પરમેશ્વર ! હું આવહનની વિધિ જાણતો નથી કે નથી જાણતો વિસર્જન. હું પૂજાવિધિ પણ જાણતો નથી, તો (પણ) મારા પર પ્રસન્ન થાઓ.)

લગ્નમંડપમાં બેઠેલ તથા આ વિધિમાં ઉપસ્થિત સૌ સ્વજનને સાથે મળી “નવકાર મંત્ર”નું ભાવપૂર્વક પઠન કરવા વિનંતી.

નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં,

નમો આયરિયાણં, નમો ઉવજ્ઝાયાણં,

નમો લોએ સવ્વ સાહૂણં, એસો પંચ નમુક્કારો,

સવ્વ પાવપ્પણાસણો, મંગલાણં ચ સવ્વેસિમ્, પઢમં હવઈ મંગલમ્ ॥

સર્વથા સૌ સુખી થાઓ, સમતા સૌ સમાચારો.

સર્વથા દિવ્યતા વ્યાપો, સર્વથા શાંતિ વિસ્તરો.

ઉપસર્ગાઃ ક્ષયંયાન્તિ છિદ્યન્તે વિઘ્નવલ્લયઃ ।

મનઃ પ્રસન્નતામેતિ પૂજ્યમાને જિનેશ્વરે ॥

સર્વ મંગલ માંગલ્યં, સર્વ કલ્યાણકારણમ્ ।

પ્રધાનં સર્વધર્માણાં, જૈન જયતિ શાસનમ્ ॥

(ભાવાર્થઃ– સર્વ મંગલોમાં શ્રેષ્ઠ મંગલસ્વરૂપ, સર્વ કલ્યાણનું કારણ અને સર્વ ધર્મોમાં શ્રેષ્ઠ એવું જૈન શાસન જયવંતુ વર્તે છે.)

## ॥ શ્રી જિનેશ્વર ભગવાનની જય ॥

### મંગળ વિદાય વેળાએ...

### કલાકુંવરી રચના.

ધીમે ધીમે કુમ કુમ પગલે, સ્નેહ સાગરમાં વિહરતી તારી જીવન નૌકા આજે સહ જીવનની મંગળ યાત્રા આરંભે છે, ત્યારે....

અમારા હૈયાના લાખ લાખ આશીર્વાદ તારી સાથે છે... આજે રીતેશકુમાર જેવા સુયોગ્ય જીવનસાથીના હાથમાં તારો હાથ સોંપતા આનંદની ઉર્મિઓ ઉછળી રહી છે, છતાં બેટા !

૧) ત્યાગ તારો સ્વભાવ, પ્રદાન તારો ધર્મ, સહનશીલતાં તારૂં વ્રત અને પ્રેમ એ જ જીવન માનીને જીંદગી જીવજે.

૨) સત્યથી જગતને, વિવેકી વચનોથી સગા–વહલાંઓને, ભક્તિભાવથી પતિને, સમર્પણથી કુટુંબને, શાંત–શીતલ સ્વભાવથી ક્રોધને, આનંદથી સખીઓને અને કર્તવ્યનિષ્ઠાથી વડીલોને રીઝવજે.

3) તારા પતિને પરમેશ્વર બનીને પૂજા કરજે. તારા સાસુ–સસરાને મા–બાપ માનીને તેમની સેવા કરજે. નણંદીને બહેન સમાન માનીને કુટુંબમાં સંપીને રહેજે.

૪) તારા ઘરની આવક કરતાં કદી વધારે ખર્ચ કરવો નહીં. તારા સાસરિયાના સુખે સુખી, અને દુઃખે દુઃખી થજે. પિયરના સુખના વખાણ ક્યારેય ના કરતી. ઘરમાં બધાનું ધ્યાન રાખજે.

૫)	માન–અપમાનને કદાચ ધ્યાનમાં લઈ, ધુપસળીની જેમ સદાય મહેક્તી રહેજે. “સ્વ” નો “પર”હમાં લઈ કરી પરમાર્થી બનજે.

૬)	ધર્મ અને ભક્તિસાર જીવતરથી બંને કુળને ઉજાળજે. સાવિત્રિ અને સત્યવાન, શ્રી કૃષ્ણ અને રુકમણીજી જેવું તારૂં અખંડ સૌભાગ્ય રહો.

૭)	સત્ય, સ્નેહ, સ્વાર્પણ, સમર્પણ અને સુશીલતાના પંચરંગી પાનેતર સાથે  આજે જ્યારે તુ વહાલસોય દાદાજીની છાયા, માની મમતાનો ખોળો અને બાપુનું બારણું છોડીને જઈ રહી છે, ત્યારે દિકરી ! જગતનું તમામ મનોવાંછીત તથા પ્રભુભક્તિ તને પ્રાપ્ત થાઓ.

૮)	સુમન તવ જીવનનું સદા ખીલતું રહે, ખીલતી રહે કળીએ સદા,
રચતા જે કલ્પના તે સદા સાકાર હો, હો માર્ગ મંગલમયી સદા,
તારા ગળામાં મંગલાષ્ટકની આ માળા પહેરવી અને મંગલવિદાય આપીએ  છીએ તો તેનું જતન કરજે.

સંવત ૨૦૫૯ ના કા.વ.

શુક્રવાર, ૨૨–૧૦–૨૦૦૩

## – : મંગલકામના સહ : –

તારા પૂજનીય માતા–પિતા અને લાડલા ભાઈ–બહેન, તારા ફૈબા–ફુવા, કાકા–કાકી તથા સમસ્ત “હકાણી પરિવાર” તારા માસી–માસા, મામી–મામા તથા સમસ્ત મોસાળ પક્ષે “શાહ પરિવાર”નાં શુભ આશિષ.

## – : લગ્નવિધિ માટે આવશ્યક સામગ્રી : –

૧)	દર્શનીય જિનપ્રતિમાજી અથવા ભગવાનની છબી. (બન્ને રાખવી.)

૨)	શાસ્ત્રગ્રંથ અથવા પંચપ્રતિક્રમણ પુસ્તક.

૩)	શાસ્ત્રગ્રંથ મૂકવા સ્થાપનાજી અથવા બાજોઠ, સાંપડો.

૪)	શાસ્ત્રગ્રંથ નીચે પાથરવા લાલ, જરીવાળું વસ્ત્ર.

૫)	સિદ્ધચક્રયંત્ર અથવા અષ્ટમંગલની પાટલી.

૬)	સામગ્રી માટે મોટો બાજોઠ અથવા ટેબલ.

૭)	પૂર્ણ જીવનના પ્રતિક સમો કુંભ કળશ, કળશ માટે લાલ વસ્ત્ર,
વર તથા કન્યા માટે બેઠકો, વરકન્યાના માતા પિતા માટે બેઠકો,

પૂજાપો તથા અન્ય સામગ્રી માટેનો થાળ, અર્ધ્ય ચડાવવા માટેની સામગ્રી, અગ્નિ સાક્ષી રૂપ ફાનસ જેવો દિપક, વિધિકાર તથા સહાયકાર માટે બાજોઠ, અર્ધ્ય માટે બાજોઠ.

૮) ફુલ, કેસરીયા અક્ષત, લવીંગ, એલચી, વાસક્ષેપ, સુકા કોપરાના નાના નાના ટુકડા, કમળ કાકડી અને આખી બદામ.

૯) કંકાવટી, કંકુ અને શ્રીફળ, ભગવાનને ચાંદલો કરવા માટેનું ચંદન અથવા કેસર, જળ માટે લોટો અથવા નાનો કળશ તથા ચંદનની વાટકી, દિવા માટે વાટ, રૂ, ઘી, દિવાસળીની પેટી અને અગરબત્તી, કપૂરની ગોટી (જો આરતી ઉતારવી હોય તો જ), ચમચી, રક્ષાપોટલી, નાડાછડી.

૧૦) કળશમાં મૂકવા માટે આસોપાલવ કે નાગરવેલના પાન, ચાંદીના રૂપીયા કે સિક્કા.

૧૧) છેડાબંધન માટે હળદરના ગાઠીયા, સોપારી અને સિક્કા.

૧૨) વરકન્યા માટે ફુલની અથવા સુખડની અથવા સુતરની માળા. (આંટી), નેપ્કીન, રૂમાલ (હસ્તમેળાપ ઉપર ઢાંકવા માટે) તથા સિંદૂર.

૧૩) મંગલધ્વનિ માટે થાળી, વેલણ, ઘંટડી, શંખ અને અન્ય વાજીંત્રો. (બેન્ડ વાજા)

નોંધઃ- ફુલ ચડાવવાનો જેમને બાધ હોય તે ફુલને બદલે અર્ધ્ય સામગ્રીમાંથી કોઈપણ એક અથવા વધુ સામગ્રી વારાફરતી ચડાવી શકે. સામગ્રી તથા અન્ય વસ્તુઓ નિશ્ચિત સ્થાને રાખવી. જેથી વર કન્યા સરળતાથી ફેરા ફરી શકે.

## લગ્નમંડપ રચના અને સ્થાન વ્યવસ્થા

ચોરી-મંડપ તથા વેદીની રચના તથા તેમાં બેસવાની વ્યવસ્થા નીચે મુજબ હોય એ આવકાર્ય તથા શાસ્રસંમત છે. વિધિ વખતે વરકન્યા પૂર્વ દિશા સન્મુખ અને વરકન્યાના માતા પિતા ઉત્તર કે પૂર્વ દિશા સન્મુખ બેસશે. વિધિકાર એવી જગ્યાએ બેસે કે જેથી વરકન્યા અને તેમના માતા પિતાને સ્પષ્ટ સૂચનો આપી શકે.

૧) વર, ૨) કન્યા, ૩) કન્યાના પિતા, ૪) કન્યાની માતા, ૫) વરના પિતા, ૬) વરની માતા, ૭) વરરાજાના સહાયક, ૮) કન્યાના સહાયક, ૯) વિધિકાર, ૧૦) વરકન્યા માટેનો અર્ધ્યનો થાળ, ૧૧) કન્યાના માતા પિતા માટે અર્ધ્યનો થાળ, ૧૨) વરરાજાના માતા પિતા માટે અર્ધ્યનો થાળ, ૧૩) લગ્નની સામગ્રીઓ તથા મોટો બાજોઠ, ૧૪) જિન પ્રતિમાજી અને શાસ્રગ્રંથ.

jainuniversity.org

सर्व ज्ञानाय भवतु

jainuniversity.org

सर्व ज्ञानाय भवतु

jainuniversity.org

सर्व ज्ञानाय भवतु

jainuniversity.org

सर्व ज्ञानाय भवतु

jainuniversity.org

सर्व ज्ञानाय भवतु